## મુદ્દા નં.૧૫ : જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનકક્ષના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :

(અ) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો – ૧૯૯૪ ના નિયમ – ૪ મુજબ રાજય ચૂંટણી પંચ દ્વારા નિયત કરેલ કાર્યક્રમ દરમ્યાન દિન – ૨૨ માટે મતદારયાદી જાહેર જનતાને જોવા માટે નોટીસ બોર્ડ ઉપર રાખવામાં આવે છે.

(બ) સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના નાણાંકીય અને તાંત્રિક સહયોગથી, મુખ્ય સહયોગી ગ્રામ વિકાસ, શહેરી વિકાસ અને ગરીબી નિવારણ મંત્રાલય મહાનિદેર્શક વસતિ ગણતરી ભારત સરકાર દ્વારા તેમજ ગ્રામ વિકાસ એજન્સી, ગુજરાત રાજય દ્વારા વખતો વખત મળતી સૂચનાઓ અનુસાર સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરીનો (એસ.ઈ.સી.સી.) આખરી ડેટા નીચે જણાવેલ ઝોન / વોર્ડ કચેરીઓ ખાતે તા.૦૫/૦૫/૨૦૧૫ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ. તેમજ આખરીયાદીની સોફટ કોપી (પી.ડી.એફ.સ્વરૂપે) આઈ.એસ.ડી. વિભાગ દ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વધુમાં, ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગરના તદ્નુસાર મળેલ પત્ર નં. ગવક/ એસ.ઈ.સી.સી./૪૧૦૦ થી ૪૧૬૦ / તા.૧૮/૦૩/૨૦૧૫ થી જણાવ્યા મુજબ પ્રસિધ્ધ કરેલ યાદીની પ્રિન્ટેડ નકલની જાળવણી અર્થે જે તે વોર્ડ કચેરીઓના સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટરોને જવાબદારીની સોંપણી કરવામાં આવેલ. સદર રેકર્ડની સંપૂર્ણ પ્રિન્ટેડ નકલ તથા સોફટ કોપી તથા તેનો બેકઅપ ઈલેકશન એન્ડ સેન્સસ ખાતે પણ ઉપલબ્ધ છે.